ગાંધીનગર સમાચાર

**ડાયરેક્ટ ❤ સે**

મોજને
ક્યારેય
પેન્ડિંગ રાખવી નહીં
કારણ કે
સમયનું
રિઝવર્શન થતું નથી

## જન્મદિને વધામણી



મુકેશચંદ્ર ઈશ્વરલાલ ઠક્કર
ફોન : ૨૩૨૨૭૩૬૯



દિગીષા ગજ્જર
લાયોનેસ ક્લબ



યુવરાજસિંહ પરમાર
મો. ૯૯૨૪૧ ૨૮૪૦૫



દિવ્ય ભાર્ગવભાઈ પરમાર
મો. ૯૭૨૩૦ ૧૧૦૮૯

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કરીબ કરીબ સિંગલ
૧૨.૩૦, ૩.૫૦
૭.૧૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
થોર (૩ડી અંગ્રેજી)
૧.૦૦, ૭.૦૦
થોર (૩ડી હિન્દી)
૪.૦૦, ૯.૪૫

**સ્ક્રીન-૪**
ગોલમાલ અગેઈન
૧૨.૪૫
ઈત્તેફાક
૩.૪૫
બેસ્ટ ઓફ લક લાલુ (ગુજરાતી)
૭.૦૦
સિક્રેટ સુપરસ્ટાર
૯.૩૦

**સ્ક્રીન-૫**
કરીબ કરીબ સિંગલ
સવારે ૧૦.૦૦
ગોલમાલ અગેઈન
૩.૩૦, ૯.૪૫
શાદી મેં જરૂર આના
૧૨.૩૦, ૬.૩૦

# માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે વિજ્ઞાન દિવસની ઉજવણી કરાઈ





## વિદ્યાર્થીઓએ તૈયાર કરેલાં મૉડેલ જોવા વાલીઓ ઉમટ્યા

સૅક્ટર-૨૧ ખાતે સ્થિત માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે વિજ્ઞાન દિવસની ઉજવણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ અપ્રતિમ ઉત્સાહ દેખાડીને આ ઉજવણીને સફળ બનાવવામાં પોતાનું યોગદાન આપ્યું હતું. વિદ્યાર્થીઓએ ઊર્જા, પરિવહન, પર્યાવરણ સંરક્ષણ જેવા વિવિધ વિષયો પરત્વે મૉડેલ્સ તૈયાર કરી તેમનું નિદર્શન કર્યું હતું અને મુલાકાતીઓને આ મૉડેલ્સ વિશે વિગતે માહિતી પણ જાતે જ આપી હતી. વાલીઓએ પણ ઉત્સાહથી આ પ્રદર્શનની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ પાસેથી ન માત્ર માહિતી મેળવી હતી પરંતુ તેમના ઉત્સાહને વધારવાનું સ્તુત્ય કાર્ય પણ કર્યું હતું.

# શેઠ સી. એમ. હાઈસ્કૂલ ખાતે વાલી મીટિંગનું આયોજન થયું



ગાંધીનગર, તા. ૧૧

તારીખ ૧૧-૧૧-૨૦૧૭ ને શનિવારે રોજ સવારે ૮.૦૦ થી ૧૦:૩૦ કલાક સુધી ધોરણ-૯ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓના વાલીઓને પોતાના પાલ્યની ઉત્તરવહી બતાવવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો.

આ કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહી પોતાના પાલ્યને પ્રથમ વાર્ષિક પરીક્ષાની ઉત્તરવહીનું નિરીક્ષણ કરી શાળાના આ કાર્યક્રમથી પ્રભાવિત થઈ પોતાના પાલ્યને ઉપયોગી સૂચનો કરવા માટે અને શિક્ષકો સાથે પોતાના પાલ્યની પ્રગતિ માટે ઉપયોગી સૂચનો કર્યા.

આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી બી.કે.પટેલ સાહેબ,સુપરવાઈઝર શ્રી પ્રહલાદભાઈ એસ પટેલ,શ્રી બિપિનભાઈ એ પટેલ, શ્રી મુકેશભાઈ એમ. પટેલ તથા તમામ વર્ગ શિક્ષકો અને અન્ય શિક્ષકોએ વાલીશ્રીઓને પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યુ અને આ કાર્યક્રમને સર્વે એ સફળ બનાવ્યો.

# એસ. કે. પટેલ સ્કૂલમાં પિન્ક એન્ડ બ્લૂ ડે ઉજવાયો



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.કે.પટેલ પ્રિ પ્રાયમરી ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં તા. ૧૧ નવેમ્બર ના રોજ પિન્ક એન્ડ બ્લૂ ડે ઉજવાઈ ગયો. આ નિમિતે બાળકો પિન્ક એન્ડ બ્લૂ વસ્ત્રોમાં સજ્જ થઈને આવ્યા હતા. શિક્ષિકાઓ પણ પિન્ક એન્ડ બ્લૂ કલરનાં વસ્ત્રોમાં સજ્જ થઈને આવ્યા હતા. તેમજ ઘણા બાળકો પિન્ક એન્ડ બ્લૂ કલરની વસ્તુઓ સાથે આવ્યા હતા, જેવા કે પિન્ક ડોલ,ટેડિબિયર,રમકડાં,વગેરે. શિક્ષિકાઓએ બાળકોને પિન્ક એન્ડ બ્લૂ કલરની ઓળખ આપી હતી. પિન્ક એન્ડ બ્લૂ કલરના બલૂન્સ,તોરણ,તેમજ દૂપટ્ટાથી ક્લાસને સજાવીને શિક્ષિકાઓએ અને બાળકોએ આ ડે ઉજવ્યો હતો. બાળકોને કલર વિષે ઓળખ થાય તે હેતુથી પિન્ક એન્ડ બ્લૂ ડે ની ઉજવણી કરવામાં આવી હતી તેમજ એક જ કલરના વિવિધ શેડ્સ વિશે માહિતી આપી હતી આ કાર્યક્રમમાં બાળકો અને શિક્ષિકાઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

# બોરીજ પ્રાથમિક શાળા દ્વારા મતદાર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૧૧

સરકારી પ્રાથમિક શાળા, બોરીજ ખાતે વિધાનસભા ચૂંટણી અંતર્ગત મતદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ધોરણ-૮ના વિદ્યાર્થીઓ સાથે શિક્ષકો પણ આ રેલીમાં જોડાયા હતા. વિવિધ સ્લોગન સાથે નીકળેલી આ રેલીએ વાલીઓ સાથે સંપર્ક કરી મતદાન આપણો અધિકાર છે તેવું સમજાવી મહિલાઓમાં મતદાન જાગૃતિ આણવાના પ્રયત્નો કરવામાં આવ્યાં હતાં.

આ ઉપરાંત, શાળા ખાતે રંગોળી સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને વક્તૃત્ત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ અને મતદાર જાગૃતિ અંગે એક નાટકનું મંચન પણ ગામમાં કરવામાં આવ્યું હતું. આ તમામ કાયા વેળા સ્કૂલ મૅનેજમૅન્ટ કમિટીના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા અને ગ્રામલોકોનો પ્રોત્સાહક સહકાર આ કાર્યોમાં શાળાને મળ્યો હતો.

# સુરતના કુદરતી હિરાને વર્લ્ડ રૅકર્ડ સર્ટિફિકેટ




ગાંધીનગર, તા. ૧૧

સુરત શહેરના કરમ ડાયમંડ ગૃપના માલિક કનુભાઈ આસોદરીયાને ત્યાં કુદરતી હિરાના સ્વરૂપમાં જમીનની નીચે ૧૪૦થી ૧૯૦ કિમી ઊંડાણમાં યોગ્ય કુદરતી પ્રક્રિયા દ્વારા આકાર પામી સાચા હિરાના ભગવાન ગણેશની મૂર્તિ આકાર પામી છે. જેનું વજન ૧૮૨.૫૩ કેરેટ જેટલું છે અને કિંમત ૬૦૦ કરોડ જેટલી છે. સુરત ખાતે એક કાર્યક્રમ અંતર્ગત વર્લ્ડ બૂક ઑફ રૅકર્ડ, ભારતના અધ્યક્ષ સંતોષકુમાર શુક્લા અને ગુજરાતના અધ્યક્ષ ઍડવોકેટ અશ્વિન વી ત્રિવેદી, સંયોજક દિવ્ય ત્રિવેદીના હસ્તે વર્લ્ડ બૂક ઑફ રૅકર્ડનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

# શિક્ષણ વિભાગ દ્વારા પ્રજ્ઞા પ્રોજેક્ટ રદ કરવાની હિલચાલના સમાચાર

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં પ્રજ્ઞા પ્રોજેક્ટ ૨૦૧૦માં અમલમાં મૂકવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓના રસને જાણીને શિક્ષણ આપવામાં આવે છે. જોકે, હવે ૨૦૧૮થી રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (ઍનસીઈઆરટી)નાં પુસ્તકો ભણાવવામાં આવનાર હોઈ પ્રજ્ઞા પ્રોજેક્ટ પડતો મુકવામાં આવે તેવી શક્યતાઓ ઊભી થઈ છે. શિક્ષણ વિભાગ દ્વારા પણ આ પ્રોજેક્ટ રદ કરવાની હિલચાલ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. પ્રજ્ઞા પ્રોજેક્ટને સફળતા મળતા સરકાર દ્વારા તબક્કાવાર પ્રોજેક્ટનો અન્ય સ્કૂલોમાં અમલ શરૂ કરાયો હતો. જોકે, હવે પ્રોજેક્ટથી સરકાર હાથ અધ્ધર કરે તેવી શક્યતાઓ સૂત્રોએ વ્યક્ત કરી છે. શિક્ષણ વિભાગ દ્વારા ૨૦૧૦માં પ્રાથમિક સ્કૂલમાં પ્રજ્ઞા પ્રોજેક્ટ અમલમાં મુક્યો હતો. જેમાં વિદ્યાર્થીઓને એક સમાન શિક્ષણ આપવાના બદલે જે વિદ્યાર્થીને જેમાં રસ હોય તે મુજબનું શિક્ષણ આપવામાં આવતું હતું. જેના પગલે તમામ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થતો હતો. આ પ્રોજેક્ટની સફળતા બાદ રાજ્યની અનેક સ્કૂલોને આ પ્રોજેક્ટ અંતર્ગત આવરી લેવામાં આવી હતી અને તેમાં પ્રજ્ઞા પ્રોજેક્ટ અનુસાર જ શિક્ષણ કાર્ય કરાવવામાં આવતું હતું. આ પ્રોજેક્ટમાં વિદ્યાર્થીઓને મજા પડતી હતી પરંતુ શિક્ષકોની કામગીરી વધી ગઈ હતી.

આ દરમિયાન રાજ્યના વિદ્યાર્થીઓ આગળ જઈને દેશના અન્ય વિદ્યાર્થીઓ સાથે સ્પર્ધા કરે તે હેતુસર શિક્ષણ વિભાગ દ્વારા જૂન-૨૦૧૮થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષથી પ્રાથમિક સ્કૂલોમાં ઍનસીઈઆરટીનો અભ્યાસક્રમ લાગુ કરવાનો નિર્ણય લીધો છે. જેના પગલે ૨૦૧૮થી પ્રાથમિક સ્કૂલોમાં તબક્કાવાર દ્રઝઈઈ્ના પુસ્તકો અભ્યાસમાં દાખલ કરાશે. હવે, આ સ્થિતિમાં રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં પ્રજ્ઞા પ્રોજેક્ટનું મહત્વ રહેતું ન હોઈ શિક્ષણ વિભાગ દ્વારા પ્રજ્ઞા પ્રોજેક્ટ રદ કરવાની હિલચાલ શરૂ કરી છે.

તમામ વિદ્યાર્થીઓને ઍનસીઈઆરટીના અભ્યાસક્રમ મુજબ જ શિક્ષણ કરાવવાનું શિક્ષણ વિભાગ દ્વારા નક્કી કરાયું હોઈ પ્રજ્ઞા પ્રોજેક્ટ શરૂ રાખવામાં આવે તો અમુક વિદ્યાર્થીઓને લાભ થાય તેમ હોઈ તમામ વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને સંભવત નવા શૈક્ષણિક વર્ષથી શિક્ષણ વિભાગ દ્વારા પ્રજ્ઞા પ્રોજેક્ટને પડતો મુકવામાં આવે તેવી શક્યતાઓ સૂત્રોએ વ્યક્ત કરી છે.

# તમારી ડિમાન્ડ અને યોગ્ય વિકલ્પની પસંદગી દેશ અને દુનિયાને યોગ્ય દિશામાં લઈ જશે

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત લૉ સોસાયટી યુનિવર્સિટીનો પ્રથમ પદવીદાન સમારોહ શુક્રવારે જીએલએસ કેમ્પસ ખાતે જ યોજાયો. જેમાં પ્રિન્સ એડવર્ડ યુનિવર્સિટી રિસર્ચ સેન્ટરના ડિરેક્ટર તેમજ ઈન્ટર ગવર્નમેન્ટલ પેનલ ઓન ક્લાયમેન્ટ ચેન્જ માટે નોબેલ પ્રાઈઝથી સન્માનિત થયેલા ડૉ. એડમ ફેનેક મુખ્ય અતિથી તરીકે હાજર રહ્યા હતાં. તેમણે વિદ્યાર્થીઓને દેશ અને સમાજ પ્રત્યે જવાબદાર રહીને જીવનમાં પોતાના વિકલ્પોની પસંદગી કરવા સાથે ક્લાયમેટ ચેન્જ બાબતે આવનારા પડકારોનો સામનો કરવા તૈયાર રહેવા જણાવ્યું હતું.

ડો. એડમ ફેનેકે વધુમાં કહ્યું કે, ભારત એ સમૃદ્ધ ઐતિહાસિક વારસો ધરાવતો સૌથી યુવાન દેશ છે. જેની પાસે વિવિધ ક્ષેત્રે દુનિયાનું નેતૃત્વ લેવાની તક છે. પરંતુ દેશની આવનારી પેઢીઓએ ક્લાયમેટ ચેન્જના બહુ મોટા પડકારોનો સામનો કરવા માટે પણ તૈયાર રહેવું પડશે. જેમકે આવનારા દિવસોમાં ભારતમાં વરસાદનું પ્રમાણ ખૂબ વધશે, પરંતુ વરસાદી દિવસો ઓછા હશે મતલબ કે આ દેશે પૂર જેવી અનેક હોનારત માટે પણ તૈયાર રહેવું પડશે. છેલ્લા ૩૦ વર્ષમાં અમદાવાદ શહેરમાં તાપમાનમાં કેટલો ફરક પડી ગયો છે, એ તમારા વડીલો જે ૩૦ વર્ષથી પણ વધુ સમયથી આ શહેરમાં રહે છે, તે તમને કહી શકશે.

વિદ્યાર્થીઓને સલાહ આપતાં તેમણે જણાવ્યું હતું કે, તમારી ડિમાન્ડ અને તમારી યોગ્ય વિકલ્પની પસંદગી જ દેશ અને દુનિયાને યોગ્ય દિશામાં લઈ જશે. તમારા સપનાનો પીછો કરો, પૈસાનો નહિ, સફળતાની સફર મુશ્કેલ જરૂર હશે પણ એ સફર પછી મળેલી સફળતાનો સંતોષ તમને ખરો આનંદ આપશે. જે યોગ્ય છે એ પસંદ કરો, સરળતા કે ગેરમાર્ગે જઈને મળેલી સફળતાથી સંતોષ ક્યારેય નહિ મળે. યોગ્ય પસંદગી કરો તેમજ તમારા પરિવાર, સમાજ અને દેશ પ્રત્યે હંમેશા જવાબદાર રહો.

આ પ્રસંગે અતિથી વિશેષ તરીકે હાજર રહેલા અદાણી પોર્ટ સેઝ લિમિટેડના એચઆર ડિરેક્ટર ડૉ. મલય મહાદેવિયા, જીએલએસ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ. ધર્મેશ શાહ તેમજ જીએલએસના પ્રેસિડેન્ટ સુધાર નાણાવટીએ પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું હતું. આ પ્રથમ કોન્વોકેશનમાં એમબીએ, બીએડ, પીજીડીએમ, પીજીડીસીએ, એમએસસી અને એમકોમના ૫૧૧ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી. તેમજ વિવિધ અભ્યાસક્રમમાં પ્રથમ ક્રમ ધરાવતા ૨૮ વિદ્યાર્થીઓને ગોલ્ડ તેમજ સિલ્વર મેડલ ઉપરાંત કેટલાક પ્રોત્સાહન ઈનામોથી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

# ગુજરાત યુનિવર્સિટી દ્વારા ઍમફિલ-પીઍચડી એન્ટ્રન્સનું પરિણામ ટૂંકમાં

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત યુનિવર્સિટી કોમર્સ ફેકલ્ટીમાં છેલ્લા બે માસ કરતા વધુ સમયથી પેન્ડિંગ પડેલા પી.એચડી અને એમ.ફીલના પરિણામો જાહેર થવાનો રસ્તો મોકળો બન્યો છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા પી.એચડી એન્ટ્રન્સટમાં ગ્રેસિંગ વગર ૫૫ ટકા થતાં હોય તેને જ લાયક ગણવાની સ્પષ્ટતા કરતા એબીવીપીના અગ્રણીનું ફોર્મ હવે આપોઆપ રદ થશે. જેના પગલે હવે યુનિવર્સિટી દ્વારા ટૂંક સમયમાં કોમર્સ ફેકલ્ટીનું પી.એચડી અને એમ.ફીલની એન્ટ્રન્સ ટેસ્ટનું પરિણામ જાહેર કરાશે. શુક્રવારે ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની બેઠક મળી હતી અને તેમાં આ મુદ્દે ચર્ચા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

ગુજરાત યુનિવર્સિટી કોમર્સ વિદ્યાશાખામાં પી.એચડી અને એમ. ફીલ. માટે એન્ટ્રન્સ ટેસ્ટ લેવામાં આવી હતી. જેમાં એબીવીપીના હોદ્દેદાર કુશ પંડ્યાનું ફોર્મ યુનિવર્સિટી દ્વારા માન્ય રખાયું હતું. કુશ પંડ્યાને ગ્રેસિંગ સાથે ૫૫ ટકા થતાં હોઈ યુનિવર્સિટીએ ફોર્મ માન્ય રાખ્યું હતું. જોકે તેની સામે એનએસયુઆઈ દ્વારા ભારે વિરોધ કરવામાં આવ્યો હતો અને ફોર્મ રદ કરવા માટે ઉગ્ર રજૂઆતો કરી હતી. આ સ્થિતિમાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા યુજીસીનો અભિપ્રાય માંગવામાં આવ્યો હતો.

આમ, લગભગ બે માસ પછી યુજીસી દ્વારા પોતાનો અભિપ્રાય યુનિવર્સિટીને મોકલવામાં આવ્યો હતો. જેની પર શુક્રવારે મળેલી એકેડેમિક કાઉન્સીલની બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. યુજીસીએ પોતાના અભિપ્રાયમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે, પી.એચડીમાં ગ્રેસિંગ વગર ૫૫ ટકા થતાં હોય તેના જ ફોર્મ માન્ય રાખવાના રહેશે. જેથી કુશ પંડ્યાનુ ફોર્મ હવે આપોઆપ રદ થશે. આ વિવાદને લઈને કોમર્સ વિદ્યાશાખામાં પી.એચડી અને એમ.ફીલ.ના પરિણામો જાહેર થઈ શક્યા ન હતા. જોકે હવે યુજીસીનો અભિપ્રાય આવ્યા બાદ સ્થિતિ સ્પષ્ટ થતાં ટૂંક સમયમાં પી.એચડી તેમજ એમ.ફીલ.ના પરિણામો જાહેર કરાશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

ગુજરાત યુનિવર્સિટીમાં કોમર્સ ફેકલ્ટીનો ચાર્જ સૌરભ ચૌક્સી પાસે હતો. જોકે, સૌરભ ચોક્સી નિવૃત્ત થયા બાદ જગ્યા ખાલી પડી હતી. ફેકલ્ટી માટે આગામી ચૂંટણીને પણ હજુ બે વર્ષ જેટલો સમય બાકી રહ્યો હોઈ ઈન્ચાર્જથી જગ્યા ચલાવવાના બદલે કોઈ પ્રોફેસરને આ ચાર્જ સોંપવામાં આવે તેવું એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં નક્કી થયું હતું. જેના પગલે બેઠકમાં ગુજરાત યુનિવર્સિટીના પ્રોફેસર પ્રદીપ પ્રજાપતિને કોમર્સ ફેકલ્ટીનો ચાર્જ સોંપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. કોમર્સ ફેકલ્ટીની ચૂંટણીને હજુ બે વર્ષનો સમય હોઈ ત્યાં સુધી પ્રદીપ પ્રજાપતિ કોમર્સ ફેકલ્ટીની ફરજ બજાવશે.

ગુજરાત યુનિવર્સિટીમાં પીઍચડીના ત્રણ વિદ્યાર્થીઓને સોશિયોલોજીમાં પીએચડીમાં પ્રવેશ ફાળવી દેવામાં આવ્યો હતો. જોકે, સ્જીઉના વિદ્યાર્થીઓ સોશિયોલોજીમાં પી.એચડી કરી શકે કે કેમ તેને લઈને અનેક સવાલ ઊભા થયા હતા. જેના પગલે ગુજરાત યુનિવર્સિટીની શુક્રવારે મળેલી એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં આ મુદ્દે ચર્ચા કરાઈ હતી. જેમાં ઍમઍસડબલ્યુના વિદ્યાર્થીઓ સોશિયોલોજીમાં પી.એચડી કરી શકે નહીં તેવું નક્કી કરાયું હતું. સ્જીઉના વિદ્યાર્થીઓએ ઍમઍસડબલ્યુમાં જ પીએચડી કરવાની રહેશે અને સોશિયોલોજીના વિદ્યાર્થીઓએ સોશિયોલોજીમાં જ પીએચડી કરવાની રહેશે તેવું નક્કી કરાયું હતું.